

## શિહોરી પોલીસે ૧૧ વાહનો ડીટેઈન કરી દંડ વસુલ્યો

કાંકરેજના મુખ્ય મથક શિહોરી ખાતે શિહોરી પોલીસે આજે વાહનચેકીંગ હાથ ધર્યું હતું અને ટ્રાફિકના નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકોને સકંજામાં લઈ ૧૧ વાહનોને ડીટેઈન કરી અસંખ્ય વાહનચાલકો પાસેથી દંડ વસુલ્યો હતો. કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરીમાં આજે પી.એસ.આઈ. જે.બી. વરતાર અને સી.પી.આઈ. એસ.ડી. પટેલની ટીમે તાલુકાના વિવિધ સ્થળોએ ટ્રાફિક ચેકીંગ હાથ ધર્યુ હતું અને નંબર પ્લેટ વગરના, ડ્રાઈવિંગ લાયસન્સ, આર.સી. બુક વગર વાહન હંકારતા વાહન ચાલકોને ઝડપી પાડ્યા હતા અને તેમને સ્થળ પર જ પાવતી પકડાવી દંડ વસૂલ્યો હતો. જ્યારે ૧૧ જેટલા વાહનોને ડીટેઈન કર્યા હતા. પોલીસની આ પ્રકારની કાર્યવાહીથી વાહનચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# પાલનપુરની મુકબધીર પરિણિતાના અપમૃત્યુને પગલે હોબાળો

## પરિણિતાએ સાસરીયાના ત્રાસથી આપઘાત કર્યો હોવાના આક્ષેપો સાથે સાસરીયાઓની ધોલાઈ કરતા પિયરીયાઓ

પાલનપુર, તા. ૬

પાલનપુરની એક મુકબધીર પરિણિતાના પિયરીયાઓએ તેણીએ સાસરીયાના ત્રાસથી આપઘાત કર્યો હોવાના આક્ષેપ કર્યો હતો. દરમિયાન, સસરીપક્ષના લોકો નજરે ચડતા પીયરીયાઓએ તેઓના પર હુમલો કરતા અફરાતફરી મચી ગઈ હતી.

પાલનપુર શહેરના પ્રકાશનગર ખાતે રહેતી કલ્પનાબેન પ્રકાશભાઈ મોદી નામની ૩૨ વર્ષીય મુકબધિર પરિણિતાનું આજે માલગાડીની ટક્કરે મોત નીપજ્યું હતું. રેલવે પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં પરિણિતાના પિતા એન. કે. મોદી સહિતના પિયરીયા ધાનેરાથી આવી પહોંચ્યા હતા. પરિણિતાના પીયરીયાઓએ પોતાની દીકરીએ સાસરીયાના શારીરિક - માનસિક ત્રાસથી વાજ આવી જઈ આપઘાત કર્યો હોવાના આક્ષેપો કર્યા હતા. દરમિયાન, પરિણીતાના સાસરીયા નજરે પડતા પીયરીયાઓએ તેમના પર તુટી પડતા અફરાતફરી મચી ગઈ હતી.

રેલવે પોલીસની હાજરીમાં થયેલી છુટા હાથની મારામારીમાં પરિણીતાના સસરા ભરત ચેલદાસ મોદી એને કાકી સાસુ ચંદ્રિબેન પોપટલાલ મોદી સહિત પરિણીતાના ભાઈ રાકેશ એન. મોદીને ઈજા થતાં તેઓને તાકીદે સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા. દરમિયાન, રેલવે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

આમ, મુકબધિર પરિણીતાના અપમૃત્યુને લઈને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં બંને વેવાઈઓ બાખડતા ચકચાર મચી જવા પામી હતી.





(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# શિહોરી આનંદવાડી ખાતે પ્રભારીમંત્રી રમણલાલ વોરાની અધ્યક્ષસ્થાને લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો

કાંકરેજ, તા. ૬

કાંકરેજના મુખ્ય મથક શિહોરી ખાતે આવેલ આનંદવાડીમાં તા. ૪-૧૦-૧૪ના રોજ ગુજરાત સરકારના પ્રભારીમંત્રી શ્રી રમણલાલ વોરાનો લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તાલુકામાંથી ૫૭ જેટલા વિવિધ પ્રશ્નોની રજુઆતો આવી હતી. જેમાં વર્ષો જુના પ્રશ્નોનો નિકાલ આવતાં લોકોમાં આનંદની લાગણી છવાઈ હતી. આ પ્રસંગે દિયોદર ધારાસભ્ય કેશાજી, હરગોવનભાઈ શિરવાડીયા, ઈશ્વરભાઈ પટેલ, ભારતસિંહ ભટેસરીયા, ડાયાભાઈ પિલીયાતર, શાન્તુભા, અશ્વિનભાઈ, મફાતી સોલંકી, હંસપુરી ગૌસ્વામી, ડૉ. ભારતીબેન સોની, તારાબેન સોલંકી, બાબુભાઈ દેસાઈ સહિત પદાધિકારીઓ અને તાલુકા તથા મામલતદાર કાંકરેજ સહિત કર્મચારીઓ હાજર રહ્યા હતા. જેમાં જિલ્લા કલેક્ટરશ્રી રાણા અને જિલ્લા પોલીસ વડા દિલીપસિંહ વાઘેલા અને લોકસંવાદમાં મુકેલ અરજીઓના અરજદાર તેમજ વિશાળ સંખ્યામા લોકો જોડાયા હતા. સરકારી ડિપાર્ટમેન્ટના તમામ એજના અધિકારીઓએ વિવિધ પ્રશ્નોનું સોલ્યુસન કરી કાંકરેજ તાલુકાનું તંત્ર વેગવંતુ છે તેવું ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

પરંતુ ટોલનાકાના પ્રશ્નના મુદ્દે થોડો સંવાદ વધુ થયો હતો. જેમાં નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા ઉભા કરાયેલ ટોલનાકામાં ડિસાથી રાધવપુર સુધી ત્રણ ટોલનાકા હોવાથી લોકોમાં રોષ છે. જેનો ટોલ ઉંચો હોવાથી ઓછો કરવા રજુઆત કરવામાં આવી હતી અને સર્વિસ રોડની માંગણી કરવામાં આવી હતી. જો કે સર્વીસરોડની વાતને ફગાવી દેવામાં આવી હતી. આમ કાંકરેજમાં લોકસંવાદ સેતુ કાર્યક્રમને સુંદર સફળતા પૂર્વક પાર પાડ્યો હતો.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

રાષ્ટ્રવાદ અને યુવાનોના ચારીત્ર્ય ઘડતર માટે કાર્યરત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા પાલનપુર ખાતે 'પથ સંચલન' યોજાયું હતું. સેવા, શિસ્ત અને સંયમને વરેલું રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ છેલ્લા ૮૯ વર્ષથી ચારિત્ર્ય ઘડતરની સાથે રાષ્ટ્ર નિર્માણ માટે કાર્યરત છે. ભારત માતાને પરમ વૈભવના શિખરે બિરાજમાન કરવા પ્રતિબદ્ધ આર. એસ. એસ.ના ગણવેશમાં સજ્જ સ્વયં શિસ્તને વરેલા સ્વયંસેવકોના પથ સંચલનને પગલે નગરમાં રાષ્ટ્રવાદની પ્રચંડ લહેર ઉભી થઈ હતી. શહેરમાં ભારે આકર્ષણ જમાવનાર રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પથ સંચલનનું માર્ગમાં ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરાયું હતું. (તસવીર : હરેશ જોષી)

# પાલનપુર એસ.ટી. વિભાગમાં હડતાલ પાડવા બદલ ત્રણે માન્ય યુનિયનના લીડરોને ફટકારાઈ કારણોદર્શક નોટીસ

પાલનપુર, તા.૬

પાલનપુર એસ.ટી. વિભાગના કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓને લઈને ગત ૨૩મી સપ્ટેમ્બરે અંદાજે ૪૦૦૦ કામદારો હડતાલ પર ઉતર્યા હતા જેને પગલે ૭૦૦ એસ.ટી. બસના પૈડાં થંભી જતા મુસાફર જનતાની હાલત કફોડી બની જવા પામી હતી. પાલનપુર એસ.ટી. ડિવિઝનના કામદારોએ અચાનક સ્વયંભુ હડતાલનું શસ્ત્ર ઉગામતા એસ.ટી. તંત્રને અંદાજે રૂ. ચાલીસેક લાખનું નુકસાન ગયું હતું. ત્યારે એસ.ટી.ના વહીવટી સંચાલકે હડતાલ પાડવા માટે જવાબદાર મનાતા પાલનપુર એસ.ટી.ના ત્રણેય માન્ય યુનિયનના લીડરોને ફરજ મોકુફ કેમ ન કરવા? તે અંગેની કારણોદર્શક નોટીસ ફટકારી છે. જે નોટીસને પગલે એસ.ટી. વર્તુળમાં ચકચાર મચી જવા પામી છે.

એસ.ટી.ના વહીવટી ઉપાધ્યક્ષો હડતાલનો પગલે એસ.ટી.ના દશેક હજાર કિ.મી. રદ થતા થયેલ આર્થિક નુકસાન ઉપરાંત એસ.ટી.ની પ્રતિષ્ઠા જોખમાતા ત્રણે માન્ય યુનિયનના લીડર દિપક નાયક (એસ.ટી., કર્મચારી મંડળ), નિરંજન શ્રીમાળી (એસ.ટી. મઝદુર સંઘ અને રફીક મન્સુરી (મજુર મહાજન)ને કારણોસર નોટીસ ફટકારી તેઓને ફરજ મોકુફ કેમ ન કરવા તેનો ખુલાસો માંગતા એસ.ટી. વર્તુળમાં સોંપો પડી ગયો હતો.

# મોડાસાના દધાલિયામાં હોમગાર્ડ જવાન પર અજાણ્યા બાઈકસવારોનો હુમલો

મોડાસા, તા.૬

અવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના દધાલિયા ગામે અરવલ્લી જિલ્લા પોલીસ માટે ખુબ જ શરમજનક ઘટના કહી શકાય એવી ઘટના રાત્રે ૧૨.૩૦ કલાકે પોલીસ ચોકી આગળ જ ૪ હોમગાર્ડ જવાનો ઉપર બાઈક સવાર થઈને આવેલ ત્રણ હુમલાખોરોએ છરી વડે હુમલો કરી ફરાર થઈ જતાં ગામ લોકોમાં ફફડાટ ફેલાયો છે.



(તસવીર : સમીર બલોચ, જય અમીન મોડાસા)

મોડાસા તાલુકાના દધાલિયા ગામમાં આવેલી દધાલિયા આઉટપોસ્ટ પોલિસ ચોકી આગળ રાત્રિના ૧૨.૩૦ વાગે પોતાની ફરજ પર હાજર થઈ પેટ્રોલીંગમાં જવાની તૈયારી કરતા પટેલ મનુભાઈ શામાભાઈ (રહે. જંબુસર) કોદરભાઈ વાલાભાઈ વણકર (રહે. દધાલિયા), જીજ્ઞેશ સોમાભાઈ પટેલ (રહે. જંબુસર) તેમજ કોદર હરજીભાઈ નિનામા (રહે. મોદરસુંબા) નામના ૪ હોમગાર્ડ જવાનો બરાબર પોલિસચોકી આગળ ઉભા હતા ત્યારે અચાનક મોડાસા રોડ બાજુથી અચાનક બાઈક પર ધસી આવીને ૩ અજાણ્યા શખ્સોમાંથી બે શખ્સોએ કયાંથી આવ્યા હોલા એવું કહેતાની સાથે જ છરી વડે પ્રાણઘાતક ૪ હોમગાર્ડ જવાન ઉપર હુમલો કરતા એક જવાનના માથાના ભાગે ગંભીર ઈજા થતા તેમજ કોદરભાઈ વાલાભાઈ વણકર ઉપર પણ છરી વડે હમલો કરતા હાથ અને પગના ભાગે ૪ ટાંકા આવ્યા હતા તેમ છતાં હિંમત ભેગી કરી હોમગાર્ડ જવાન કોદરભાઈએ લાકડી વડે સામનો કરતા અને બુમાબુમ થતા ગામ લોકો આવી પહોંચતા હુમલાખોરો આબાદ રીતે ફરાર થઈ ગયા હતા. જવાનોને મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ખસેડાયા હતા. આ ઘટનાથી પ્રજાજનોમાં ખુબ જ ભયનો માહોલ પેસી ગયો છે.

# ઊંઝામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે જતા તસ્કરો બેફામ બન્યા

ઊંઝા, તા. ૬

ઊંઝા શહેર સહિત તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ઘણા વખતથી ગુનાખોરીનું પ્રમાણ વધી જતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ છે. સમગ્ર વિસ્તારમાં તસ્કરોને જાણે મોકળું મદોન મળી ગયું હોય તેમ છાશવારે નાની મોટી ઘરફોડ ચોરીઓ તેમજ વાહનચોરીઓના બનાવો દિનપ્રતિદિન વધતા જાય છે. પોલીસ પેટ્રોલીંગના દાવાઓ વચ્ચે તસ્કરોને પોલીસનો કોઈ ડર કે ભય હોય તેમ જણાતુ નથી. તસ્કરો ધોળા દિવસે જાહેર સ્થળો તેમજ માર્કેટયાર્ડ જેવા વિસ્તારોમાંથી દ્વિચક્રી વાહનોની ઉઠાંતરી કરી રહ્યા છે. આ સાથે સોસાયટી વિસ્તારોમાં બંધ મકાનોને નિશાન બનાવી રહ્યાં છે.

છેલ્લા બે વર્ષ દરમિયાન આ વિસ્તારમાં મિલકત વિરૂદ્ધના તેમજ વાહનચોરીઓના કેટલાક ગુનાઓ નોંધાયા છે. જે પૈકી મોટાભાગના ગુનાઓના ભેદ આજદિન સુધી વણ ઉકેલાયેલા રહ્યા છે. મિલકત વિરૂદ્ધના ગંભીર પ્રકારના વધતા જતા ગુનાઓને અટકાવવામાં તેમજ તેના ભેદ ઉકેલવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડ્યું છે. કહે છે કે, મિલકત વિરૂદ્ધના ગુનાઓ તેમજ અન્ય ગુનાઓના ભેદ ઉકેલવામાં તપાસ કરનાર અધિકારી દ્વારા ખાસ કોઈ ખંત કે મહેનત કરવામાં આવતી નથી અને જે ગુનાઓની તપાસમાં આર્થિક લાભ થતો હોય તેમાં ખાસ રસ દાખવવામાં આવે છે. પોલીસને પ્રજાના જાનમાલના રક્ષણની જાણે કંઈ જ પડી નથી તેવી સ્થિતિ સર્જાઈ છે.

બીજુ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં દારૂ, જુગારના અડ્ડાઓ, અનૈતિક ધંધાઓ જેવી અસામાજીક પ્રવૃત્તિઓ અનિયંત્રિતપણે ફૂલીફાલી હોવાનો લોકપોકાર ઉઠ્યો છે. કથિત હપ્તાઓની લાલચમાં આવી બદીઓ ચાલવા પાછળ પોલીસતંત્રમાંના જ કેટલાક કથિત ભ્રષ્ટ અધિકારીઓ, કર્મચારીઓની સીધી કે આડકતરી રીતે ટેકો મળી રહે છે તેવું ચર્ચાય છે.

વેપારી મથક અને યાત્રા સ્થળ ઊંઝા શહેરમાં દારૂ, જુગાર, ક્રિકેટમેચ આધારિત સટ્ટો, અનૈતિક પ્રવૃત્તિઓ જેવી સમાજ વિરોધી બદીઓ કોઈપણ જાતની રોકટોક વિના ધમધોકાર રીતે ચાલી રહ્યાનું લોકમુખે ચર્ચાય છે. શહેરના જુદા જુદા વિસ્તારો તેમજ ઉમિયા માતાજી મંદિરની પાસે દારૂ જુગારની બદી વકરી ગઈ છે. અહીં કેટલાક નશાખોર તત્વો લોકોને રંજાડતા હોવાની પણ લોક ફરિયાદો ઉઠી છે. સ્થાનિક પોલીસતંત્ર તરફથી અસામાજીક તત્વો વિરૂદ્ધ કડક પગલાં ન ભરાતાં આવા તત્વોને છૂટો દોર મળી ગયો છે તેવું લોકોમાં બોલાય છે.

આ ઉપરાત પોલીસ મથકમાં પાસપોર્ટના વેરીફિકેશનના કામે તેમજ જરૂરી દાખલાઓ, અભિપ્રાયો આપવામાં સંબંધિત પોલીસ કર્મચારીઓ નાગરિકો પાસેથી ગેરકાયદે નાણાં પડાવતા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. આજ સ્થાનિક પોલીસતંત્રમાં ભ્રષ્ટાચારનું દૂષણ વ્યાપક બની ગયું હોવાનું કહેવાય છે.

આ બાબતે જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ ખાડે ગયેલ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને સુધારવા માટે સત્વરે પગલા ભરવા જરૂરી મનાય છે. વધુમાં સ્થાનિક પોલીસતંત્રમાં ફેરફારો કરવાનો સમય હવે પાકી ગયો છે.

# એસજી રોડ અન્ડરપાસ વિધિવત રીતે શરૂ કરાયો

અમદાવાદ,તા. ૬

સરખેજ ગાંધીનગર અન્ડરપાસનું આજે ઉદ્‌ઘાટન કરી દેવામાં આવ્યું હતું. લોકો માટે આ અન્ડરપાસને ખોલી દેવામાં આવ્યા બાદ ટ્રાફિકની સ્થિતિ ખુબ જ હળવી બની શકે છે. છેલ્લા ઘણા સમયથી આને લઈને તૈયારીઓ ચાલી રહી હતી. ગુજરાતના સૌથી લાંબા અન્ડરપાસની લંબાઈ ૧૩૭૫ મીટરની છે. માર્ચ ૨૦૧૩માં સરખેજ ગાંધીનગર અન્ડરપાસનું નિર્માણ શરૂ થયું હતું. સોલાથી શરૂથઈને એસજી હાઈપર જીએનએફસી ટાવર નજીક આ અન્ડરપાસની પૂર્ણાહૂતિ થાય છે. બે ફ્લાયઓવર પણ ધરાવે છે જેમાં એક થલતેજ ચાર રસ્તા અને એક ગુરુદ્વારા નજીકનો સમાવેશ થાય છે. સરકારી સૂત્રોએ કહ્યું છે કે, અગાઉ આનુ ઉદ્‌ઘાટન કેન્દ્રીયપ્રધાન નીતિન ગડકરી કરનાર હતા પરંતુ વ્યસ્ત કાર્યક્રમના કારણે આ નિર્ણય રદ કરાયો હતો. છેલ્લે આજે આનંદીબેન પટેલે આનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. ટ્રાફિકની ઘણી સમસ્યા આના લીધે દૂર થશે. સૌથી મોટા અને લાંબા અન્ડરપાસ તરીકે આની ગણતરી કરવામાં આવે છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસામાં પરંપરાગતરીતે બકરી ઈદની ઉજવણી કરવામાં આવી હતી અને એકબીજાને ઈદની મુબારકબાદી આપવામાં આવી હતી.

# મરાઠી, ઉર્દૂ, હિન્દી, સહિતના માધ્યમના શિક્ષકો મળતા નથી

અમદાવાદ, તા.૦૬

અમદાવાદ વિકાસની સાથે મોટી સંખ્યામાં પરપ્રાંતિયો પણ રોજગાર અર્થે શહેરમાં આવીને વસવાટ કરવા લાગ્યા છે ત્યારે આવા પરપ્રાંતિય પરીવારોના બાળકોને પણ તેમની માતૃભાષામાં શિક્ષણ મળી રહે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ સ્કુલ બોર્ડ દ્વારા શહેરમાં મરાઠી, ઉર્દૂ, હિન્દી અને તેલુગુ માધ્યમની શાળાઓ પણ શરૂ કરવામાં આવી ચે પરંતુ આ શાળાઓ તો શરૂ કરી દેવામાં આવી નથી પરંતુ આ ભાષાઓના શિક્ષકો મળતા ન હોવાથી વિદ્યાર્થીઓના ભવિષ્ય સામે પ્રશ્નાર્થ સર્જાયો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યમાં આવેલ તમામ શાળાઓમાં શિક્ષકોની મોટા પ્રમાણમાં ઘટ છે ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ સ્કુલ બોર્ડ સંચાલિત શાળાઓ પણ આમાંથી બાકાત નથી. સ્કુલ બોર્ડ સંચાલિત ગુજરાતી માધ્યમની શાળાઓમાં શિક્ષકોની ઘટનાં કારણે ગરીબ બાળકોનું શિક્ષણ કથળી રહ્યું છે ત્યારે બીજી બાજુ સ્કુલ બોર્ડ દ્વારા બહારના રાજ્યોમાંથી નોકરી માટે અમદાવાદ આવીને વસતા કામદાર પરીવારોના બાળકોને શિક્ષણ મળી રહે તે માટે મરાઠી, ઉર્દૂ, હિન્દી, તેલુગુ માધ્યમની શાળાઓ શરૂ કરાઈ છે પરંતુ આ શાળાઓ માટે જે તે ભાષાનાં શિક્ષકો મળતા ન હોવાથી વિદ્યાર્થીઓ કફોડી સ્થિતિમાં મુકાયા છે. હાલમાં સ્કુલ બોર્ડ અંતર્ગત શહેરમાં મરાઠી માધ્યમની ૫૦ જેટલી શાળાઓ, ઉર્દૂ માધ્યમની ૨૫ જેટલી શાળાઓ, હિન્દી માધ્યમની ૨૦ જેટલી શાળાઓ અને તેલુગુ માધ્યમની એક શાળા કાર્યરત છે. આમાંથી માત્ર ગણીગાઠી શાળાઓમાં જ જે તે ભાષાના શિક્ષકો ઉપલબ્ધ છે જેના કારણે હાલમાં ઘણી શાળાઓમાં ગુજરાતી માધ્યમના શિક્ષકોને અભ્યાસ કરાવી રહ્યા છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦